**સેશન્સ કેસ નંબરઃ– ૧૩ /૨૦૨૧**
**આંક –૭૩**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૩ /૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૨ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | માળી ટીનુભાઈ હીરાલાલ | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9898659925 |
| ઉંમર આશરે | ૪૨ | વરસની | ધંધો | ખાનગી નોકરી |
| રહેવાનુ | શિવનગર તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા. |

(૧) ડીસા પોલીસે ચાર પાંચ વર્ષ પહેલા હું રૂરલ પો.સ્ટે.ની બહાર આવેલ કેન્ટીન ઉપર બેઠો હતો ત્યારે પોલીસે મારી પાસે આવીને એક તૈયાર કાગળમાં મારી સહી લીધેલી. હું કોઈ સાગરભાઈ અમરતભાઈ બારેચા(પરમાર)ને ઓળખતો નથી. તેણે અમો પંચોની હાજરીમાં કોઈ ચપ્પુ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી. હું પંચનામા વિશે કંઈ જાણતો નથી.

મને માર્ક:૬/૨૫વાળું એ.વી.એકટ ૨૭વાળું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૭૪</u>** આપવામાં આવે છે.

**<u>હોસ્ટાઈલ</u>**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે તા.૨૧/૮/૨૦ના સાંજના સાત વાગ્યાના સમયે ડીસા રૂરલ પોલીસે અમોને પંચમાં બોલાવેલા અને અમે ત્યાં હાજર થયેલા. ત્યાં એક ઈસમ હાજર હતો, જેનું નામ ઠામ અમો પંચો રૂબરૂ પુછતા તેનુ નામ સાગર અમરતભાઈ બારેચા

સાહેદની સહી...........................

(પરમાર) રહે.ગુગળવાળો હતો. જે ઈસમ સાથે અમો પંચો સરકારી ગાડીમાં ઈસમના જણાવ્યા મુજબ ડીસા પો.સ્ટે.થી નીકળેલા અને તે ગાડી ગુગળ ગામે આવી અને ઉભી રહેલી અને ગાડીમાં હાજર સાગરભાઈએ ઉતરીને તેનું ઘર બતાવેલુ અને જે ઘરની અભરાઈ ઉપર એક કાળા કલરની થેલીમાંથી એક મારક હથિયાર ચપ્પુ રજુ કરેલું અને જે ચપ્પુ કાળા કલરના રેકજીન જેવા કાળા કલરના પાઉચમાંથી બહાર કાઢી રજુ કરેલું. જે અણીવાળુ ધારવાળુ હતુ, જેને એક પ્લાસ્ટીકની પારદર્શક ડબામાં મુકી અમો પંચોની સહીવાળી કાપલી મુકી અમો પંચોની હાજરીમાં તપાસ અર્થે કબજે લીધેલ અને જેને માર્ક:જે આપવામાં આવેલ. એ વાત ખરી નથી કે ઉપરોકત સોગંધનામુ મારી હાજરીમાં કરેલ હોવા છતાં આરોપીઓને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. ડી.આઈ.કોન્ટ્રાક્ટર</u>**

(૨) ઉલટતપાસ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી..**
**ફેર તપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. ના.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૮-૦૪-૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................